સફાઇ કામદારોના પુનઃસ્થાપન માટે
સ્વચ્છતા બજારો(સેનેટરી માર્ટ)ઉભા
કરવાની યોજનાના અમલીકરણ બાબત....

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃપરચ-૧૦૨૦૦૦-ભા.સ.-૫૦-૫
સચિવાલય,ગાંધીનગર
તારીખઃ૨૨/૮/૨૦૦૦

વંચાણે લીધાઃ (૧)સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ ક્રમાંકઃએમઆઇએસ/૧૦૨૦૦૦/૩૧૬/ગ તા.૧૪-૭-૨૦૦૦.
(૨)અગ્ર સચિવશ્રી,સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૯/૭/૨૦૦૦ નો પત્ર ક્રમાંકઃએસસીડબલ્યુ/૧૦૨૦૦૦/૧૭૮૮/ગ.

**પરિપત્ર**

સફાઇ કામદારોના પુનઃસ્થાપન માટે સ્વચ્છતા બજારો (સેનેટરી માર્ટ) યોજના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઉપરોકત વંચાણે લીધા (૧)ના ઠરાવથી બહાર પાડવામાં આવેલ છે.

સ્વચ્છતા બજાર યોજનાના સંદર્ભમાં નીચે જણાવ્યા મુજબની કાર્યવાહી તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનો તથા નગરપાલિકાઓએ હાથ ધરવાની રહે છે.

(૧)મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓએ પોતાની સ્વચ્છતા વિષયક જરુરીયાતો માટે રૂા.૨ લાખ અથવા ૫૦% આ બે માંથી વધુ હોય એટલી કિંમતની જરુરીયાતો સ્વચ્છતા બજારોમાંથી ખરીદી કરવી ફરજીયાત છે.

(૨)મહાનગરપાલિકા અગર નગરપાલિકા વિસ્તારમાં સ્વચ્છતા બજાર શરુ કરનાર લાભાર્થી એકમ ઉત્પાદન કેન્દ્ર પણ શરુ કરવા માંગતુ હોય તો તેને ૭૫૦૦ ચોરસ ફુટ જેટલી જમીન પ્રાપ્ત કરી આપવી.ઉપરાંત સ્વૈચ્છીક સંસ્થા પાસે સ્વચ્છતા વિષયક માલસામાન પ્રદર્શિત કરવા દુકાન અગર નગરથી નજીક જમીન ફાળવવી.ઉત્પાદન કેન્દ્ર અને દુકાન માટે આ જમીન માસિક રૂા.૫૦૦ થી વધે નહીં તેટલા ટોકન દરે ફાળવવી.નગરપાલિકાઓ પૈકી નગરપાલિકા નિયામકશ્રી નકકી કરે તે પસંદગીની ૧૦ નગરપાલિકાઓ ધ્વારા આ હેતુ માટે પ્રથમ તબકકે કાર્યવાહી કરવામાં આવશે.

(૩)મહાનગરપાલિકા અગર નગરપાલિકા ધ્વારા સફાઇ કામદારોના ગણવેશનું સીલાઇકામ,ગટરના ઢાંકણા બનાવવા,સાવરણા-ઝાડુ બનાવવા તથા જાજરુના બાંધકામ જેવા કામો આ લાભાર્થી એકમો પાસે કરાવવા.

(371)

(૪)સામાજીક ન્યાય અને અધિકારતા વિભાગના તા.૧૪/૭/૨૦૦૦ ના ઠરાવથી બહાર પાડવામાં આવેલ યોજનાના અમલીકરણમાં સંપૂર્ણ સહયોગ આપવાનો રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના નામે અને તેમના હુકમથી

(જી.જે.પટેલ)
ઉપસચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

નકલ રવાના:

- સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ અમદાવાદ,સુરત,રાજકોટ,ભાવનગર,જામનગર,વડોદરા મહાનગરપાલિકાઓ
- નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત રાજય ,સેકટર-૧૭ ,ગાંધીનગર
- પ્રાદેશિક નિયામકશ્રી નગરપાલિકાઓ ,કલેકટર કચેરી રાજકોટ
- વહીવટી સંચાલકશ્રી,ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ ગાંધીનગર
- સચિવશ્રી,ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડ ગાંધીનગર
- નાંણા સલાહકારશ્રી(સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ )
- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની ૨,મ,અને ૫ શાખા.
- સર્વે ચેરમેનશ્રીઓ( ડુડા) અને કલેકટરશ્રીઓ
- સર્વે સભ્ય સચિવશ્રીઓ અને અધિક કલેકટરશ્રીઓ(ડુડા) કલેકટરશ્રીની કચેરી
- સર્વે જીલ્લા આયોજન અધિકારીશ્રીઓ,જીલ્લા કલેકટરશ્રીની કચેરી
- સર્વે પ્રમુખશ્રીઓ/મુખ્ય અધિકારીશ્રીઓ નગરપાલિકાઓ
- અગ્ર સચિવશ્રી સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય ગાંધીનગર
- સીલેકટ ફાઈલ
- અંગત ફાઈલ